સુરત મહાનગરપાલિકા

# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય

અઠવાલાઈન્સ, સુરત.

ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬

URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧
તા.૦૨/૦૮/૨૦૧૩

અરજદાર : શ્રી વિમલ મોદી

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને લાયબ્રેરી ટેકનીકલ આસીસ્ટન્ટ શ્રી વિ. પી. પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરત મહાનગરપાલિકા.

## ફરીયાદની હકીકત :

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી વિમલ મોદી, સુરતની તા.૨૫/૦૬/૨૦૧૩ની અરજી આઈ.ડી.નં.૨૫૦ ના મુદ્દા નં. (૧) થી (૧૦) અંગેની વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૦૨/૦૮/૨૦૧૩.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી વિમલ મોદીના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૫/૦૬/૨૦૧૩ની અરજી **આઈ.ડી.નં.૨૫૦** ના મુદ્દા નં. (૧) થી (૧૦) અંગેની વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ રહેતી મ્યુ.લાયબ્રેરી વિભાગની માહિતી તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./ જા./૦૬, તા.૧૬/૦૭/૨૦૧૩થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રીના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી **પ્રથમ અપીલ અરજી** સેન્ટ્રલ ઝોન કચેરીમાં આપવામાં આવેલ. જે પ્રથમ અપીલ અરજી સેન્ટ્રલ ઝોનનાં પત્ર ક્રમાક નં.સે.ઝોન/આર.ટી.આઈ./જા./૧૩૫૪, તા.૦૧/૦૮/૨૦૧૩નાં રોજ આપવામાં આવેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૦૨/૦૮/૨૦૧૩ થી અત્રે નોંધાયેલ હતી.

ઉકત અપીલ અરજી બાબતે અરજદારશ્રી વિમલ મોદી તથા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયાને એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૩૦/૦૮/૨૦૧૩નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૧, તા.૨૩/૦૮/૨૦૧૩ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી વિમલ મોદી હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરત હાજર રહેલ. જે અપીલ રૂબરૂ સુનાવણી અંગેની કાર્યવાહી ૧૨.૧૦ કલાકથી શરૂ કરવામાં આવેલ.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી વિજયસિંહ પી. પીલુદરીયા, લાય.ટેક.આસી. અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવ્યાનુસાર, અરજદારની રજુઆત મુખ્યત્વે નવા પુસ્તકાલયના આયોજન, હયાત વાંચનાલયોના વિસ્તરણ, મરામત, નિભાવ વિ. તેમજ વાંચનાલયોના સંચાલક ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ રૂમ એટેન્ડન્ટની અયોગ્ય વર્તણૂંક વિ. હતી. નવા પુસ્તકાલયના આયોજન અંગે સંબંધિત ઝોન કચેરી તરફથી નિર્ણય લેવાનો રહે છે. હયાત વાંચનાલયોના વિસ્તરણ, મરામત, નિભાવ વિ. કામગીરીઓ સંબંધિત ઝોન કચેરીઓ ધ્વારા કરવામાં આવે છે. જે અંગે અત્રેથી તેઓને લેખિત જાણ કરવામાં આવેલ છે. ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ રૂમ એટેન્ડન્ટની અયોગ્ય વર્તણૂંક અંગે ઈજારદારને જાણ કરતા, તેઓ ધ્વારા સંબંધિત રૂમ એટેન્ડન્ટને છુટા કરી, નવા એટેન્ડન્ટને રાખવામાં આવેલ છે અને સંચાલનને લગતી કોઈ ફરિયાદ હાલ અત્રે મળેલ નથી.

જા.મા.અધિકારીશ્રી વિ.પી.પીલુદરીયા ધ્વારા રજુ કરવામાં આવેલ તેમના તરફેનો પક્ષ તેમજ અત્રેના નિરીક્ષણ અર્થે રજુ કરેલ તમામ દફતરી વિગતો, પુરાવાઓ, તુમારો વિ.નો અભ્યાસ કરતા, અરજદાર ધ્વારા અગાઉ સુરત મહાનગરપાલિકાને કરેલ લેખિત રજુઆતો મુખ્યત્વે નવા પુસ્તકાલય, હયાત વાંચનાલયોના વિસ્તરણ, મરામત અને નિભાવને લગતા પડતર કામો તેમજ વાંચનાલયોના સંચાલક ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ રૂમ એટેન્ડન્ટના અયોગ્ય વર્તન બાબતની હતી. જે તમામ રજુઆતો ઘટતી કાર્યવાહી અર્થે પડતર રહેલ હતી અને જે અંગે તાજેતરમાં સુરત મહાનગરપાલિકા તરફે જે કિસ્સાઓમાં ત્વરીત કાર્યવાહી થઈ શકે તેમ છે તેવા કિસ્સાઓમાં કાર્યવાહી કરેલ હોવાનું દફતરી વિગતો પરથી માલુમ પડેલ છે. જે કિસ્સાઓમાં સુરત મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો ધ્વારા પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લેવાનો રહે છે તેવા કિસ્સાઓમાં હાલના તબકકે કોઈ કાર્યવાહી કરી શકાય તેમ નથી.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે અરજદાર નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૯ (૩) હેઠળ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમ દિન – ૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૦૨/૦૮/૨૦૧૩ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી વિમલ મોદીની લેખિત રજુઆતો અન્વયે હાલના તબકકે જે કોઈ કાર્યવાહી થયેલ હોય તે અંગે અરજદારને લેખિત જાણ કરવા જા.મા.અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયાને હુકમ કરવામાં આવે છે'

(એચ.યુ.જાની)
એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૧/૧
તા.૦૪/૦૯/૨૦૧૩

પ્રતિશ્રી,

(૧) ન. ર. : શ્રી વિમલ મોદી જાણ સારૂ.....

(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ. પી. પીલુદરીયા, પ્રતિ, જાણ તથા અમલ સારૂ....

(૩) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) પ્રતિ, જાણ સારૂ.....
આપના તા.૦૧/૦૮/૨૦૧૩ના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જા./૧૩૫૪ અન્વયે

સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેક્સ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

---

એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૨
તા.૧૨/૦૯/૨૦૧૩

અરજદાર : શ્રી મુકેશ ડી. વઘાસીયા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને લાયબ્રેરી ટેકનીકલ આસીસ્ટન્ટ શ્રી વિ. પી. પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરત મહાનગરપાલિકા.

## ફરીયાદની હકીકત :

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી મુકેશ ડી. વઘાસીયા, સુરતની તા.૦૩/૦૮/૨૦૧૩ની અરજી આઈ.ડી.નં.૩૯૨ થી વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૧૨/૦૯/૨૦૧૩.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી મુકેશ ડી. વઘાસીયાના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૩/૦૮/૨૦૧૩ની અરજી **<u>આઈ.ડી.નં.૩૯૨</u>** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ રહેતી જાહેર વાંચનાલયોની માહિતી તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૨, તા.૧૪/૦૮/૨૦૧૩થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રીના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી **<u>પ્રથમ અપીલ અરજી</u>** ઈસ્ટ ઝોન કચેરીમાં આપવામાં આવેલ. જે પ્રથમ અપીલ અરજી ઈસ્ટ ઝોનનાં પત્ર ક્રમાક નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૩૯૨, તા.૧૦/૦૯/૨૦૧૩નાં રોજ આપવામાં આવેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૧૨/૦૯/૨૦૧૩ થી અત્રે નોંધાયેલ હતી.

ઉકત અપીલ અરજી બાબતે અરજદારશ્રી મુકેશ ડી. વઘાસીયા તથા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયાને એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૦૪/૧૦/૨૦૧૩નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૨, તા.૨૬/૦૯/૨૦૧૩ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી મુકેશ ડી. વઘાસીયા હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરત હાજર રહેલ. જે અપીલ રૂબરૂ સુનાવણી અંગેની કાર્યવાહી ૧૨.૦૦ કલાકથી શરૂ કરવામાં આવેલ.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી વિજયસિંહ પી. પીલુદરીયા, લાય.ટેક.આસી. અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવ્યાનુસાર, અરજદારની રજુઆત મુખ્યત્વે સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયો સોમવારે પણ આંશિક ધોરણે ચાલુ રાખવા અંગે કોની સુચના/સુચનથી નકકી કરવામાં આવેલ તે બાબતની છે. જે અંગે અરજદારને તા.૧૪/૦૮/૨૦૧૩ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૨ થી હકીકત જણાવવામાં આવેલ છે. જે મુજબ જાહેર વાંચનાલયોનો બહોળો ઉપયોગ કરતા શહેરના વિદ્યાર્થીગણ તેમજ વરિષ્ઠ નાગરિકો ધ્વારા ઉકત બાબતે વખતોવખત કરેલ મૌખિક રજુઆતોના અનુસંધાને વાંચનાલયની સુવિધા સોમવારે પણ આંશિક ધોરણે ચાલુ રાખવા સ્થા.સ.ઠ.નં.૨૦૫૭/૨૦૧૦, તા.૧૪/૧૨/૨૦૧૦ થી મંજુર થયેલ ટેન્ડરની શરત મુજબ નકકી કરવામાં આવેલ છે. સદર હકીકતના સમર્થનમાં રેકર્ડ પર ઉપલબ્ધ તમામ માહિતી રૂબરૂ ચકાસણી અર્થે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ છે. જે રેકર્ડની ચકાસણી અન્વયે ટેન્ડર શરત નં.૩૭(બ), પાના નં.૧૧ મુજબ દર સોમવારે તમામ વાંચનાલયો સ.૮.૦૦ ક. થી બ.૨.૦૦ ક. સુધી ચાલુ રાખી, ત્યારબાદ જે તે દિવસ પૂરતુ બંધ રાખવામાં આવશે. સ્થા.સ.ઠ.નં.૨૦૫૭/૨૦૧૦, તા.૧૪/૧૨/'૧૦ થી સદર ટેન્ડર મંજુર રાખી, ઈજારદારને કામની સોંપણી કરવામાં આવેલ છે.

જા.મા.અધિકારીશ્રી વિ.પી.પીલુદરીયા ધ્વારા રજુ કરવામાં આવેલ તેમના તરફેનો પક્ષ તેમજ અત્રેના નિરીક્ષણ અર્થે રજુ કરેલ તમામ દફતરી વિગતો, તુમારો વિ.નો અભ્યાસ કરતા, અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને કરેલ લેખિત અરજી મુખ્યત્વે સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયો સોમવારે પણ આંશિક ધોરણે ચાલુ રાખવા અંગે કોની સુચના/સુચન હતુ તે જાણવા બાબતની હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પક્ષ મુજબ વિદ્યાર્થીગણ અને વરિષ્ઠ નાગરિકોની મૌખિક રજુઆત અન્વયે ટેન્ડર શરત મુજબ જાહેર વાંચનાલયો સોમવારે પણ આંશિક ધોરણે ચાલુ રાખવા જણાવવામાં આવેલ. જે ટેન્ડર સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધિશશ્રી ધ્વારા મંજુર રાખી, ઈજારદારને કામની સોંપણી કરવામાં આવેલ. જે અંગેનો ઉપલબ્ધ રેકર્ડ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ. જેની ચકાસણી કરતા, રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી અરજદારને આપેલ હોવાનું માલુમ પડેલ છે.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે અરજદાર નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૯ (૩) હેઠળ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમ દિન – ૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૧૨/૦૯/૨૦૧૩ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી મુકેશ ડી. વઘાસીયાની અરજી અન્વયે અરજદાર ધ્વારા જો જાહેર માહિતી અધિકારીશ્રીને લેખિત વિનંતી કરવામાં આવે તો તેવી વિનંતીને ધ્યાને લઈ, માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓને આધિન ઉપલબ્ધ રેકર્ડની તપાસણી અર્થે અરજદાર સમક્ષ રજુ કરવા જાહેર માહિતી અધિકારી અને લાયબ્રેરી ટેકનીકલ આસીસ્ટન્ટશ્રી વિ. પી. પીલુદરીયાને આથી હુકમ કરવામાં આવે છે.'

(એચ.યુ.જાની)
એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૨/૧
તા.૦૪/૧૦/૨૦૧૩

પ્રતિશ્રી,
(૧) ન. ૨. : શ્રી મુકેશ ડી. વઘાસીયા પ્રતિ, જાણ સારૂ.
(૨) ન. ૨. : જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ. પી. પીલુદરીયા, પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન. ૨. : એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી (ઈસ્ટ ઝોન) પ્રતિ,
આપના તા.૧૦/૦૯/૨૦૧૩ના પત્ર નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૩૯૨ અન્વયે જાણ સારૂ.....

સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૩
તા.૧૨/૦૯/૨૦૧૩

અરજદાર : શ્રી જીતેશ કાત્રોડીયા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને લાયબ્રેરી ટેકનીકલ આસીસ્ટન્ટ શ્રી વિ. પી. પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરત મહાનગરપાલિકા.

## ફરીયાદની હકીકત :

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી જીતેશ કાત્રોડીયા, સુરતની તા.૦૭/૦૮/૨૦૧૩ની અરજી આઈ.ડી.નં.૪૧૬ અને ૪૧૭ થી વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૩, તા.૧૨/૦૯/૨૦૧૩.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી જીતેશ કાત્રોડીયાના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૭/૦૮/૨૦૧૩ની અરજી **<u>આઈ.ડી.નં.૪૧૬ અને ૪૧૭</u>** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ જાહેર વાંચનાલયોના ઈજારા પધ્ધતિથી સંચાલનના કામ અંગે તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૪ અને ૧૫, તા.૨૨/૦૮/૨૦૧૩થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રીના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી **<u>પ્રથમ અપીલ અરજી</u>** ઈસ્ટ ઝોન કચેરીમાં આપવામાં આવેલ. જે પ્રથમ અપીલ અરજી ઈસ્ટ ઝોનનાં પત્ર ક્રમાક નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૪૧૬ અને ૪૧૭, તા.૧૧/૦૯/૨૦૧૩નાં રોજ આપવામાં આવેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૩, તા.૧૨/૦૯/૨૦૧૩ થી અત્રે નોંધાયેલ હતી.

ઉકત અપીલ અરજી બાબતે અરજદારશ્રી જીતેશ કાત્રોડીયા તથા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયાને એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૦૪/૧૦/૨૦૧૩નાં રોજ બપોરે ૧૨.૦૫ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૩, તા.૨૬/૦૯/૨૦૧૩ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી જીતેશ કાત્રોડીયા હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ.પી.પીલુદરીયા, ક.ન.મ.પુસ્તકાલય, સુરત હાજર રહેલ. જે અપીલ રૂબરૂ સુનાવણી અંગેની કાર્યવાહી ૧૨.૦૫ કલાકથી શરૂ કરવામાં આવેલ.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી વિજયસિંહ પી. પીલુદરીયા, લાય.ટેક.આસી. અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવ્યાનુસાર, અરજદારની રજુઆત મુખ્યત્વે સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયોના ઈજારા પધ્ધતિથી સંચાલનના કામે ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ, પગાર વિ. કાનુની જવાબદારીઓ બાબતની છે. જે અંગે અરજદારને તા.૨૨/૦૮/૨૦૧૩ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૪ અને ૧૫ થી હકીકત જણાવવામાં આવેલ છે. જે મુજબ જાહેર વાંચનાલયોના ઈજારા પધ્ધતિથી સંચાલનના કામે સ્થા.સ.ઠ.નં.૨૦૫૭/૨૦૧૦, તા.૧૪/૧૨/૨૦૧૦ થી મંજુર થયેલ ટેન્ડરની શરતો મુજબ ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ કર્મચારીઓના પગાર, પ્રોવિડન્ટ ફંડ વિ. કાનુની જવાબદારીઓ ઈજારદારના પક્ષે નકકી કરવામાં આવેલ છે અને જેના અનુસંધાને ઈજારદાર ધ્વારા કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને ઈ.એસ.આઈ. ની રકમ લાગત કચેરીઓમાં જમા કરાવી, તેના ચલણની નકલ પ્રતિ માસ સુરત મહાનગરપાલિકામાં રજુ કરવામાં આવે છે. સદર હકીકતના સમર્થનમાં રેકર્ડ પર ઉપલબ્ધ તમામ માહિતી રૂબરૂ ચકાસણી અર્થે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ છે. જે રેકર્ડની ચકાસણી અન્વયે ટેન્ડર શરત નં.૧૪ અને ૧૫, પાના નં.૭ અને ૮ મુજબ ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ કર્મચારીઓની સઘળી જવાબદારીઓ ઈજારદારના પક્ષે રહેશે.

જા.મા.અધિકારીશ્રી વિ.પી.પીલુદરીયા ધ્વારા રજુ કરવામાં આવેલ તેમના તરફેનો પક્ષ તેમજ અત્રેના નિરીક્ષણ અર્થે રજુ કરેલ તમામ દફતરી વિગતો, તુમારો વિ.નો અભ્યાસ કરતા, અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને કરેલ લેખિત અરજી મુખ્યત્વે સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયોના ઈજારા પધ્ધતિથી સંચાલનના કામે ઈજારદાર ધ્વારા રોકવામાં આવેલ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ, પગાર વિ. કાનુની જવાબદારીઓ બાબતની હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પક્ષ મુજબ ઉકત સઘળી કાનુની જવાબદારીઓ ઈજારદારના પક્ષે હોવાનું જણાવી, ઈજારદાર ધ્વારા કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ અને ઈ.એસ.આઈ.ની રકમ લાગત કચેરીઓમાં જમા કરાવી, તેના ચલણની નકલ પ્રતિ માસ સુરત મહાનગરપાલિકામાં રજુ કરવામાં આવતી હોવાનું જણાવેલ. જે અંગેના ઉપલબ્ધ રેકર્ડ અને તુમારો જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ. જેની ચકાસણી કરતા, રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી અરજદારને આપેલ હોવાનું માલુમ પડેલ છે.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે અરજદાર નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૯ (૩) હેઠળ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમ દિન – ૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૩, તા.૧૨/૦૯/૨૦૧૩ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી જીતેશ કાત્રોડીયાની અરજી અન્વયે અરજદાર ધ્વારા જો જાહેર માહિતી અધિકારીશ્રીને લેખિત વિનંતી કરવામાં આવે તો તેવી વિનંતીને ધ્યાને લઈ, માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓને આધિન ઉપલબ્ધ રેકર્ડની તપાસણી અર્થે અરજદાર સમક્ષ રજુ કરવા જાહેર માહિતી અધિકારી અને લાયબ્રેરી ટેકનીકલ આસીસ્ટન્ટશ્રી વિ. પી. પીલુદરીયાને આથી હુકમ કરવામાં આવે છે.'

(એચ.યુ.જાની)
એપેલેટ ઓફિસર અને ઈ.ચા.ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૩/૧
તા.૦૪/૧૦/૨૦૧૩

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી જીતેશ કાત્રોડીયા, પ્રતિ, જાણ સારૂ.
(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી વિ. પી. પીલુદરીયા, પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન. ર. : એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી (ઈસ્ટ ઝોન) પ્રતિ,
આપના તા.૧૧/૦૯/૨૦૧૩ના પત્ર નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૪૧૬/૪૧૭ અન્વયે જાણ સારૂ.....